
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ મેષ**

**આજના ગ્રહોની કુંડળી**




**આજે વેલેન્ટાઈન ડે છે. ચાંડાલ યોગ ચાલુ છે.**

**મેષ** રાશિપતિ રાશિને જોતો હોઈ તેમજ રાશિમાં ચંદ્ર હોઈ આજે તમારો મુડ ખૂબ જ રોમાન્ટીક રહેશે - અજબ ગજબની કલ્પનાઓમાં રાચશો - યુદ્ધ વર્ગનો દિવસ ઉત્તમ જશે.

**વૃષભ** સાતમે શનિ તમારા આજના દિવસના મૂડને બગાડી શકે છે - ભાગ્યમાં બુધ શુક્ર હોઈ તમારા ભાગ્યના જોરે આજે તમોને અચાનક લાભ થઈ શકે છે - દિવસ આનંદમાં જશે.

**મિથુન** અગિયારમે ચંદ્ર તમોને નાનકડો પ્રવાસ કરાવે - સંતાનો પાછળ ખર્ચ કરાવે - નવમે સૂર્ય રાજદ્વારી ક્ષેત્રે લાભ કરાવે. આઠમે બુધ શુક્ર ખોટા ખર્ચ કરાવે.

**કર્ક** સાતમે શુક્ર - બુધ તમોને આજે આખો દિવસ આનંદમાં પસાર કરાવે - ખર્ચ કરાવે - પરંતુ તમે આડેધડ ખર્ચા કરવાના બદલે ગણતરીપૂર્વક ખર્ચાઓ કરો.

**સિંહ** રાશિપતિ રાશિને જુએ છે તેમજ ગુરુ રાશિમાં છે - ધાર્મિક્તા વધે. ધ્યાન રાખવું. શનિની અઢી વર્ષની પનોતી ચાલે છે તેથી માથે કોઈ આળ ન ચઢે તે રીતે સંયમથી વર્તવું.

**કન્યા** પાંચમે બુધ શુક્રની યુતિના કારમે આજે સંતાનો પાછળ તમારા ખર્ચા વધશે - સંતાનો આજે તમારી પાસે ખર્ચ કરવા માટે અણધારી મોટી રકમો માગશે.

**તુલા** રાશિમાં તુલા તથા શનિની સાડાસાતી તથા ચંદ્રની દ્રષ્ટિથી તમારાથી રોમાન્સના મૂડમાં કાંઈ ખોટું ન થઈ જાય તેનું ધ્યાન રાખશો - નહીં તો માથે આળ આવશે.

**વૃશ્ચિક** ત્રીજે શુક્ર અને છટ્ઠે ચંદ્ર તમારો આજનો દિવસ સુખમય પસાર કરાવે - ચોથે સૂર્ય તમારે માટે મૂંઝવણમાં મૂકનારો છે - સાચવીને ધ્યાન રાખી ચાલવું.

**ધન** બીજે શુક્ર બુધ હોઈ તમારે આજે દિવસ દરમિયાન સુખ સમૃદ્ધિની ચીજવસ્તુઓ પાછળ - જ્વેલરી પાછળ - કપડાં પાછળ - ખર્ચા થાય - ધ્યાન રાખીને ખર્ચ કરવા.

**મકર** રાશિમાં શુક્રની સાથે બુધ હોવાથી તમારો આજનો વેલેન્ટાઈન ડે ગણતરીઓ મૂકીને પસાર કરશો. ખોટા ખર્ચા કરવાનું તમારી બુદ્ધિ ના પાડશે જેથી તમારા બેટરફાટને ખોટું લાગશે.

**કુંભ** રાશિમાં સૂર્ય હોઈ સાતમા સ્થાનમાં વક્રી ગુરુ - રાહુને કારણે આજનો દિવસ તમારા માટે બહુ સુંદર જશે નહીં - મિશ્ર ફળ મળશે - વાદવિવાદ ના થાય તેનું ધ્યાન રાખવું.

**મીન** બીજે ચંદ્ર સારો છે - દિવસ આનંદમાં જશે - આઠમે મંગળ મતોને નકામા વાદ-વિવાદમાં ઉતારે - તમારે કૌટુંબિક પ્રશ્નોનો સામનો કરવો પડે - પડવા - વાગવા - દાઝવાથી સાચવવું.

# સાવરકુંડલા નજીક બસ પલટી ખાતા ૧૦ના મોત






## લુવારા ગામ નજીક રેલવે ફાટક નજીક અકસ્માત : ચાલુ સપ્તાહમાં જ ચોથી દુર્ઘટના : એસટી બસ ઉપલેટાથી ઉપડી જુનાગઢ મહુવા તરફ જઈ રહી હતી

અમરેલી, તા.૧૩

ગુજરાતમાં ગમખ્વાર અકસ્માતોનો દોર જારી રહ્યો છે. નવસારીમાં સુપા ગામ ખાતે બસ અકસ્માતમાં ૪૨ લોકોના મોતની સ્યાહી સુકાઈ નથી ત્યારે આજે અમરેલી જિલ્લાના સાવરકુંડલા પાસેના લુવારા ગામ પાસે એસટી બસ પલટી ખાઈ જતાં ૧૦ લોકોના મોત થઈ ગયા હતા. સાત લોકોના મોતને સમર્થન મળ્યું છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરાઈ હતી. ઈજાગ્રસ્તોની સંખ્યા ૫૦થી પણ વધુ હોવાનું જાણવા મળ્યું છે. તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ચાલુ સપ્તાહમાં જ જીવલેણ અકસ્માતોનો સિલસિલો જારી રહ્યો છે. સૌરાષ્ટ્રના ધોરી માર્ગો ઉપર ચાર અકસ્માતમાં ૨૩ના મોત થયા છે અને આમા નવસારીના અકસ્માતને ગણવામાં આવે તો મોતનો આંકડો ૭૦ની આસપાસ પહોંચે છે. બનાવની વિગત એવી છે કે, ઉપલેટા ડેપોથી જીજે ૧૮ વાય ૭૭૯૮ આ બસ જુનાગઢથી મહુવા તરફ જઈ રહી હતી ત્યારે ગાધકડા ગામ પાસેના લુવારા ફાટક નજીકથી ૧૧ વાગ્યાની આસપાસ આ બસ પસાર થઈ રહી હતી. ત્યારે ફાટક નજીકના વળાંક પર એસટી બસના ડ્રાઈવરે કાબુ ગુમાવી દેતા બસ પલટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં સર્જાતા જ બસમાં બેઠેલા મુસાફરોના જીવ તાળવે પહોંચી ગયા હતાં. પ્રાપ્ત માહિતી મુજબ લુવારા ગામ પાસે રેલવે ફાટક નજીક એસટી બસ પલટી ખાઈ ગઈ હતી. બસમાં ૬૫ મુસાફરો મુસાફરી કરી રહ્યા હતા. રેલવે ક્રોસિંગના વળાંક પર ડ્રાઈવરે કાબુ ગુમાવી દેતા એસટી બસ ત્રણ પલટી મારીને ખાડામાં પડી હતી. એસટી બસના બે ટુકડા થઈ ગયા હતાં. ઘટનાની જાણ થતાં આજુબાજુના લોકો દોડી આવ્યા હતા અને લોકોને બસની બહાર કાઢવામાં મદદ કરી રહ્યા છે. એસટી બસ નીચે દબાયેલા લોકો બહાર કાઢવા માટે આજુબાજુના લોકો દોડી આવ્યા હતાં. જ્યારે મદદ માટે બે જેસીબી પણ ઘટનાસ્થળે હાજર છે. ઈજાગ્રસ્ત લોકોને અમરેલી અને સાવરકુંડલા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાના પગલે સ્થાનિક ધારાસભ્ય તાત્કાલિક સરકારી હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા. જ્યારે ગંભીર ઈજાગ્રસ્તોને અમરેલી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવતા ત્યાં પણ અમરેલીના સાંસદ પહોંચ્યા હતા અને પરિવારજનોને આશ્વાસન આપીને તાત્કાલિક સારવાર થાય એ માટેની સુચનાઓ હોસ્પિટલ તંત્રને આપી હતી.

## ઘડકણ પાસે ટ્રેક્ટરની ટક્કરે મારૂતિવાન પલ્ટી ખાઈ આગમાં લપેટાઈ : મહિલાનું મોત

પ્રાંતિજ, તા. ૧૩

પ્રાંતિજ નજીક ઘડકણ-ચંદ્રાલા માર્ગ પર આજ રોજ ટ્રેક્ટરની ટક્કરે મારૂતિવાન પલ્ટી ખાઈ ગઈ હતી અને અચાનક જ તેમા આગ ભભુકી ઉઠી હતી. કારમાં સવાર મહિલા બહાર નીકળે તે પહેલા જ આગની જ્વાળાઓ વચ્ચે તેનું ભડથુ થઈ ગયુ હતુ અને તેનું કરૂણ મોત નિપજ્યુંહતું. જ્યારે બે કાર સવારને ઈજાઓ થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાંતિજના ઘડકણ પાસે ઘડકણ ગામના વતની વિનુભાઈ હિરાભાઈ પટેલ કે જેવો પોતાની મારૂતિવાનમાં પુત્ર કૌશિકભાઈ તથા તેમના પત્ની ગીતાબેન વિનુભાઈ ત્રણેય જણા અમદાવાદ ખાતે તેમના સંબંધીની ખબર કાઢવા નિકળ્યા હતા. જ્યારે ગામથી બે કિલોમીટર ઘડકણ ચંદ્રાલા રોડ ઉપરાંતથી પસાર થઈ રહ્યા હતા તે સમયે અચાનક ટ્રેક્ટર આવી જતા ટ્રેક્ટરની ટક્કર વાગતા મારૂતીવાન બાજુમાં ખેતરમાં પડી હતી. જ્યારે કોઈ કારણોસર સીએનજી વાનમાં આગ લાગતા અંદર સવાર કૌશિકભાઈ અને વિનુભાઈ બહાર નિકળવામાં સફળ રહ્યા હતા. જ્યારે ગીતાબેનનુંભારે શરીર હોવાથી જાતે નિકળવામાં અસફળ રહ્યા હતા. પિતા પુત્રએ કારમાં સવાર ગીતાબહેનને બહાર કાઢવાનો પ્રયાસ કર્યો પણ આગ એટલી બધી પકડાઈ ગઈ કે પિતા પુત્રના બન્નેના હાથ પણ બળી ગયા હતા. આગ એટલી ભયંકર હોવાથી ગીતાબહેન બહાર નિકળવામાં નિષ્ફળ રહ્યા હતા અને કારમાં ને કારમાં ગીતાબેનનુંશરીર આગમાં બળીને ભડથુ થઈ ગયુ હતુ. જ્યારે આજુબાજુમાંથી લોકો દોડી આવ્યા હતા પણ તે પહેલા ગીતાબેનનું શરીર આગમાં બળીને ખાખ થઈ ગયું હતું. આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસને કરતા પ્રાંતિજ પોલીસ માત્ર ૧૫ કિલોમીટર દૂર હોવા છતાં લેટ આવી હતી. અને ટ્રાફિક હળવો કરી પુછપરછ હાથ ધરી હતી અને મૃતકને પ્રાંતિજ સિવિલમાં પી.એમ. અર્થે ખસેડવામાં આવી હતી.



## મહિલાને ત્રાસ આપતાં સાસરિયા વિરૂદ્ધ ફરિયાદ

ઈસરી, તા. ૧૩

મેઘરજ તાલુકાના વાઘમહુડી ગામની મહિલા બચીબેન મણીલાલ નિનામાના લગ્ન નવાઘરા ગામે કરવામાં આવ્યા હતા. મેઘરજ પોલીસમાં નોંધાયેલ ફરિયાદ મુજબ છેલ્લા ચાર વર્ષથી મહિલા ઉપર અત્યાચાર ગુજારતા મહિલાના પતિ, સાસુ-સસરા અને દિયર સામે ફરિયાદ નોંધાવી હતી.

બચીબેનના લગ્ન નવાઘરા ગામના નંદુ બાબુ મેણાત સાથે સમાજના રીતી રિવાજ મુજબ થયા હતા. પરંતુ ત્યારબાદ મહિલાના પતિ નંદુ બાબુ મેણાત કહેવામાં આવે કે તુ મને ગમતી નથી અને નંદુના માતા-પિતા અને ભાઈ દ્વારા નંદુને ઉશ્કેરાયો હતો. ત્યારબાદ મહિલાના પતિએ મહિલાને શારીરિક અને માનસિક ત્રાસ આપી અવારનવાર મારઝુટ કરવામાં આવી હતી. અને મહિલાને તેના પિતાના ઘરેથી દહેજ લાવવાની માગણીઓ કરી હતી. તેમજ મહિલાને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. આમ સાસરિયા દ્વારા અપાયેલ શારીરિક અને માનસિક ત્રાસથી પરેશાન બનેલી મહિલાએ પતિ નંદુ બાબુ મેણાત, સસરા બાબુ નવજી મેણાત, સાસુ સવિતા બાબુ મેણાત અને દિયર હસમુખ બાબુ મેણાત વિરૂદ્ધ મેઘરજ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## વિધ્વંશમાંથી ફરી નિર્માણનું કૌવત જાપાનથી શીખવા જેવું

અમદાવાદ, તા.૧૩

રાજયપાલ ઓ.પી.કોહલીએ જણાવ્યું કે, બીજા વિશ્વયુધ્ધમાં ભયાનક ખાનાખરાબી થવા છતાં જાપાન આજે આર્થિક અને ટેકનોલોજી ક્ષેત્રે વિશ્વમાં અગ્રણી સ્થાન ધરાવે છે. જાપાનમાં આ વિધ્વંશમાંથી બેઠા થવાનાં કૌવત અને ઝુઝારુપણામાંથી સમગ્ર વિશ્વ પ્રેરણા મેળવે છે. રાજયપાલે ઈન્ડો-જાપાન ફ્રેન્ડશીપ એસોસિએશન આયોજિત ૫માં જાપાન ફેસ્ટિવલને એ.એમ.એ ખાતે ખુલ્લો મુકતાં જણાવ્યું કે, જાપાન અને ભારત બંને પૂર્વના દેશો હોવાની સામ્યતા સાથે ગૌતમ બુધ્ધનાં આદર્શો અને સિધ્ધાંતોને અનુસરે છે. જાપાન સાથે સાંસ્કૃતિક આદાન પ્રદાનના ભારતના સંબંધો ૧૦૦ વર્ષથી પુરાણા છે તેમ તેમણે વધુમાં ઉમેર્યુ હતું. રાજયપાલે જણાવ્યું કે, આજકાલ વિશ્વના દેશો વચ્ચે આર્થિક સંબંધો, ધંધો-વેપાર અને વ્યવસાય અગ્રીમ બની રહ્યા છે. આ ફેસ્ટિવલ જાપાનની કલા અને સંસ્કૃતિને પ્રસ્તુત કરવા ઉપકારક બનશે. સાથે સાથે અમદાવાદનાં નાગરિકોને જાપાનની સંસ્કૃતિ, સંસ્કારો અને મુલ્યોને જાણવા ઉપયોગી બની રહેશે તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. રાજયપાલે આ તકે જાપાનીઝ કલાકારોનું સન્માન કર્યુંહતું. આયોજકોને આવા સુંદર આયોજન બદલ અભિનંદન આપ્યાં હતા. જાપાનના કોન્સલ જનરલ યોશિઆકી ઈટોએ ભારત જાપાનનું વ્યુહાત્મક અને ગ્લોબલ પાર્ટનર છે તેમ જણાવી ગુજરાતમાં વધુને વધુ જાપાની કંપનીઓ આવી રહી છે તે રીતે ગુજરાત સાથેનો નાતો વધુ સુદ્રઢ બન્યો છે અને આવાં સાંસ્કૃતિક ફેસ્ટિવલથી સાંસ્કૃતિક આદાન પ્રદાન વધુ સુદ્રઢ બનશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. અમદાવાદના મેયર ગૌતમભાઈ શાહે અમદાવાદ જાપાનમાં શહેર સાથે સિસ્ટર સિટીનાં સંબંધો બનાવવા ઈચ્છુક છે અને સાબરમતી રિવરફ્રન્ટ પર જાપાનીઝ ગાર્ડન બનાવવામાં માગે છે તે માટે જાપાનનાં કોન્સલ જનરલને સહકાર આપવાં અપીલ કરી હતી. જાપાનનાં કોન્સલ જનરલે જો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દરખાસ્ત કરશે તો જાપાન તેનો સાનુકુળ પ્રતિસાદ આપવાં ઈચ્છુક છે.

## બુઢેલીમાં પરિણીતાના ચારિત્ર્ય પર શંકા રાખી ત્રાસ અપાતા ૬ વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૧૩

ઈડર તાલુકાના બુઢેલી ગામે રહેતી એક પરિણીતાને અંદાજે એકાદ માસ અગાઉ તેના પતિ, સસરા, નણંદ, દિયર, કાકા અને કાકીજીએ ચારિત્ર્ય પર ખોટો વહેમ રાખી શારીરિક અને માનસિક ત્રાસ આપી જાનથી મારી નાખવાની ધમકી અપાતા પરિણીતાએ ગુરૂવારે છ સાસરીયા વિરૂદ્ધ જાદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ અંજનાબેન રાવળને તેમના પતિ દિપકભાઈ ધુળાભાઈ રાવળ, સસરા ધુળાભાઈ બોચરભાઈ રાવળ, કાકાજી ગાંડાભાઈ બેચરભાઈ રાવળ, કાકીજી જશીબેન ગાંડાભાઈ રાવળ, નણંદ કૈલાસબેન ગાંડાભાઈ રાવળ અને દિયર જીગરભાઈ ગાંડાભાઈ રાવળ દ્વારા છેલ્લા એકાદ માસથી અંજનાબેનના ચારિત્ર્ય પર ખોટો વહેમ રાખી તેમના પતિને ખોટી ચઢામણી કરવામાં આવતી હતી. જેથી દિપકભાઈ અંજનાબેનને અવારનવાર ગડદાપાટુનો માર મારી ત્રાસ આપતા હતા. ઉપરાંત તેણીના સસરાએ પણ છેડતી કરી હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરાયો છે. આ બધા ત્રાસથી કંટાળીને અંજનાબેન ગુરૂવારે છ સાસરીયા વિરૂદ્ધ જાદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### બેવડું વલણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કહેવામાં આવ્યુ છે કે પાકિસ્તાનને એફ-૧૬ વિમાનો વેચવાના અમેરિકાના નિર્ણયથી ભારત નારાજ છે. ત્રાસવાદી ગતિવિધીને રોકવામાં હથિયારો આપવાથી ફાયદો થશે તેવા અમેરિકાના તર્ક સાથે અમે સહતમ નથી. ભારત સરકારે કહ્યુ છે કે પાકિસ્તાન છેલ્લા કેટલાક વર્ષોથી સરહદ પારથી ત્રાસવાદી ગતિવિધીને સતત પ્રોત્સાહન આપી રહ્યુ છે. આના પુરવા વારંવાર મળી ચુક્યા છે. પાકિસ્તાનને પુરાવા આપવામાં આી ચુક્યા છે. હવે અમેરિકા સમક્ષ રજૂઆત કરવામાં આવનાર છે. પેન્ટાગોને કહ્યુ છે કે ૬૯૯.૪ મિલિયન ડોલરના ખર્ચે અમેરિકા પાકિસ્તાનને વિમાનો આપનાર છે. આ સમજુતી પર પહેલાથી જ વાતચીત થઈ ચુકી હતી. હવે તંત્ર દ્વારા લીલીઝંડી આપી દેવામાં આવી છે. પાકિસ્તાનમાં મોટા પાયે હજુ પણ ત્રાસવાદીઓ સક્રિય થયેલા છે. આવી સ્થિતીમાં હથિયારો આપવાની બાબત યોગ્ય દેખાતી નથી. ત્રાસવાદીઓ સામે પગલા લેવા પાકિસ્તાન પર દબાણ લાવવાના બદલે અમેરિકા પાકિસ્તાનને મદદ કરી રહ્યુ છે. આવી સ્થિતીમાં ત્રાસવાદી ગતિવિધીને પ્રોત્સાહન મવી શકે છે. અમેરિકા તેના અંગત હિતો માટે પાકિસ્તાનને હથિયારો અને વિમાનો આપી રહ્યુ હોવાનો નિષ્ણાંતો અભિપ્રાય વ્યક્ત કરી રહ્યા છે.

### ડ્રાફ્ટ પોલિસી

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ સંજોગોમાં રાજય સરકાર દ્વારા રાઈટ ટુ એજ્યુકેશનનો એક્ટ અમલમાં આવ્યા બાદ આ એક્ટની જોગવાઈઓ હેઠળ નાની વય જુથના બાળકોને આવરી લેતી એક સર્વાંગી ડ્રાફ્ટ પોલીસી ઘડી કાઢવામાં આવ છે. આ ઉપરાંત રાજય સરકાર દ્વારા જે પ્રપોઝ નેશનલ એજ્યુકેશન પોલીસી તૈયાર કરવામાં આવી છે. તેમાં પણ કડક જોગવાઈઓ અને નિયત્રણો રાખવા અંગે ગુજરાત સરકાર દ્વારા ભલામણ કરવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા આ અગાઉ પૂર્વ ચીફ સેક્રેટરી સુધીરમાંકડની અધ્યક્ષતામાં એક ખાસ કમિટિની રચના કરવામાં આવી હતી. આ કમિટી દ્વારા પણ નર્સરી, જુનિયર, સિનિયર કે.જી.સહિત કિન્ડર ગાર્ડન વયજુથ માટે અનેક ભલામણો પણ કરવામાં આવી હતી. રાઈટ ટુ એજ્યુકેશન એક્ટના હેઠળ સેકશન ૧૧ મુજબ રાજય સરકારને ત્રિ સ્કુલને લગતી જે કોઈપણ શૈક્ષણિક કાર્યવાહી કરવામાં આવી રહી હોય તેને એક દાયરામાં લાવી મુકી તેને રેગ્યુલરાઈઝડ કરવાની તમામ સત્તાઓ આપવામાં આવી છે. આ જોગવાઈઓ હેઠળ જ હવે રાજય સરકારે એક ડ્રાફ્ટ પોલીસી તૈયાર કરી દીધી છે. જેની જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે.

### કન્ફર્મ કેસ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સામાન્ય રક્તપિત્ત જણાયો છે. જિલ્લામાં રક્તપિત્તના સૌથી વધુ દર્દી કલોલ તાલુકામાંથી મળ્યા છે. મળતી વિગતો પ્રમાણે તાજેતરમાં રક્તપિત્તના ૩ દર્દીઓ પર અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં સફળ પ્લાસ્ટીક સર્જરી કરવામાં આવી છે અને આ દર્દીઓના પુનઃ સ્થાપન માટે સરકાર તરફથી રૂ. ૮ હજારની સહાય પણ ચુકવી દેવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં હાલ આરોગ્ય તંત્ર દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વે ઉપરાંત રક્તપિત્તના દર્દીઓ શોધવા માટે આ વિશેષ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લો લો એન્ડેમિક જિલ્લામાં આવે છે. આ સર્વે દરમ્યાન જે શંકાસ્પદ દર્દીઓ જણાયા છે તેમનું હવે મેડીકલી સ્ક્રીનીંગ કરાશે તેમજ કેટલાક મહત્વપૂર્ણ ટેસ્ટ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

### મોરપીંછના રંગ

● ૪ પાનાનું ચાલુ...

તેમની ''આર્થિક સ્થિતિ'' જ જવાબદાર બની છે. આટલો ઊંચો પગાર મળતો હોવા છતાંય શું શિક્ષકો કે અધ્યાપકો નિષ્ઠાથી વિદ્યાથીઓને અભ્યાસ કરાવે છે ખરા ? હશે, પણ એમાંય અપવાદ જ - બાકી તો... અને આપણી નોકરી કેટલી ? માત્ર પાચ કે છ કલાકની જ્યારે પોલીસની ડ્યુટી ૨૪ કલાકની. ગમે ત્યારે સીટી વાગે અને રાત્રે બે વાગ્યે પણ દોડવું પડે. છતાંય વિશેષ કોઈ પગાર નહી.

ખરેખર તો સંસ્થાઓએ અને સરકારે ''પોલીસ : ફરજ, નિષ્ઠા અને સંવેદના'' જેવા વિષયો પર પરિસંવાદો યોજવા જોઈએ. જેમાં સરકારી અધિકારીઓ, સચિવો અને નેતાઓ, સામાજિક કાર્યકરો, આગેવાનો કે મંત્રીશ્રીઓને બેસાડી પોલીસની સાચી સેવાથી માહિતગાર કરવા જોઈએ. તેમના પગારધોરણોની સમીક્ષા થવી જોઈએ. પોલીસને વધુ સંવેદનશીલ બનાવવા દરેક રક્ષા બંધનને દિવસે શહેરના નારી સંગઠનોએ સોસાયટીની બહેનોએ આખા શહેરના પોલીસ જવાનોને રાખડી બાંધવી જોઈએ. પછી જુઓ કે પોલીસ હીરો લાગે છે કે નહી ? ટાઢ, તડકો કે વરસાદ જોયા વિના પોલીસ આપણી રક્ષા કરે છે. શહેરોમાં વધતા જતા ટ્રાફિકનું નિયમન કરે છે. આપણે એક ઘરમાં ચાર પાંચ કે ઓફિસમાં દસ વીસ માણસોને કંટ્રોલ નથી કરી શકતા તો આ પોલીસને તો આખાય શહેરના હજારો લાખો લોકોને કંટ્રોલ કરવાના એ કેટલું મુશ્કેલ કામ છે એ તો એકાદ દિવસ એમની ડ્યુટી નિભાવીએ તો જ સમજાય.

તો મિત્રો, આવો આપણે સૌ સાથે મળીને ''પોલીસ''નું ગૌરવ વધારીએ, તેમને સન્માન આપીએ અને સાચા હદયથી એમની અંદરની સંવેદનાને, એમની નિષ્ઠાને ઓળખીએ.

- 9426060601.india@gmail.com

### રઝળપાટ

● ૪ પાનાનું ચાલુ...

થઈ જવું...!!! પ્રેમ એટલે બગીચાની બેંચ પર બેઠા હોવ ને બાજુની ખાલી જગ્યા પર કોઈના હોવાનો અહેસાસ...પ્રેમ એટલે પળપળની ખબર... પ્રેમ એટલે વગર વાઈ-ફાઈએ પણ દિલના સેલ પર ફ્લેશ થતા યાદોના નોટીફીકેશનનો વરસાદ ... પ્રેમ એટલે એની આંખોમાં ડૂબવું...પ્રેમ એટલે એકલતાનું એન્કાઉંનટર....!!! પ્રેમ એટલે...પ્રેમ એટલે...લાંબુ લચ કર્યા વગર લ્યો વાચો પુરા એક સો ગુણ મળે એવો શાયર નામાંલુંમનો આ સ્યોર હીટ જવાબ .'' ના આમ ના તેમ ના કારણ ના કેમ ના શંકા નાં વહેમ, પ્રેમ એટલે બસ પ્રેમ પ્રેમ ને પ્રેમ..'' !!!!! આવી ગયું ને હંધુય આ ટચુકડી વાતમાં ? આ 'પ્રેમ ' સબ્જેક્ટ જ એવો છે ને કે સપ્લીમેન્ટરીની સપ્લીમેન્ટરીયુ ભરાઈ જાય એટલે કટ ટુ શોર્ટ સાથે હેંડો તારે હંધાયને વાસંતીદેવી અને વેલેન્ટાઈન મહારાજ વતી ઝાઝા કરીને હેતભર્યા ' લબ યુ '....!!!!

- akurjt@gmail.com

વિસામો :

ખીલી વસંત, વન ફૂલભર્યાં મહેંકે, ગાતા ફરે ભ્રમર, કોકિલનાદ લ્હેકે. ઊડે સુગંધકણ પુષ્પ તણા રસોના, આઘા સુણાય ગગને સ્વર સારસોના.''

-ઉમાશંકર જોશી

ટચૂકડી જાહેર ખબર

**જરૂરીયાત છે**

ખાતાકીય તપાસમાં મદદનીશ મિત્રમંડળની લાયકાતમાં આવતા હોય અને B.C.S.R. - G.C.S.R.નું સંપૂર્ણ જ્ઞાન ધરાવતા નિવૃત્ત / સરકારશ્રીની સેવામાં ચાલુ હોય તેવા અધિકારીની જરૂરીયાત છે. અપેક્ષિત વેતન સાથે સંપર્ક કરો.

મો. : ૯૯૭૯૩ ૬૩૨૩૧

**બેન્ક લાયક જગ્યા ભાડે આપવાની છે**

ઘ-૫, સેક્ટર-૧૬, કોમર્શીયલ એરીયામાં, આશરે ૭૦૦ ચો. ફૂટ જગ્યા બેન્ક માટે ભાડ આપવાની છે.

મો. : ૭૦૪૧૮૩૯૮૯૮

**ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત**

**આદિજાતિ વિકાસ વિભાગ**

ત્રીજો માળ, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૫૨૨૫૭

સીક્વેસ્ટ ફોર પ્રોપોઝલ (RFP)

**ઈન્ટરનલ ઓડીટર કમ ફાઈનાન્સીયલ એડવાઈઝર વર્ષ ૨૦૧૬-૧૭ની પસંદગી માટે**

ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા પ્રમોટેડ સોસાયટી, ઈન્ટરનલ ઓડીટર કમ ફાઈનાન્સીયલ એડવાઈઝર કે જેઓ ઝશ્છ૭ દ્વારા એમપેનલ હોય તેવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) ફર્મ પાસેથી વર્ષ ૨૦૧૬-૧૭ માટે સીક્વેસ્ટ ફોર પ્રોપોઝલ (RFP) આમંત્રીત કરે છે.

RFPની સંપૂર્ણ વિગતો અમારી વેબસાઈટ http://vky.gujarat.gov.in તથા http://dsag.gujarat.gov.in ઉપરથી મેળવી શકાશે. અથવા ઉપરોક્ત જણાવેલ સરનામા પરથી ઓફીસ સમય દરમિયાન 'ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત પેએબલ એટ ગાંધીનગર'ના નામનો રૂ. ૫૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ આપીને ટેન્ડર ડોક્યુમેન્ટ મેળવી શકાશે.

**મહત્વની તારીખ :**

| | |
|---|---|
| પ્રી બીડ મીટીંગ | ૧૬/૨/૨૦૧૬ |
| RFP કલેક્ટ કરવાની છેલ્લી તારીખ | ૫/૩/૨૦૧૬ |
| પ્રપોઝલ ડી-સંગ ખાતે જમા કરાવવાની છેલ્લી તારીખ | ૮/૩/૨૦૧૬ (૧૬.૦૦ કલાકે) |
| ટેકનીકલ ડૉક્યુમેન્ટ ખોલવાની તારીખ | ૯/૨/૨૦૧૬ (૧૨.૦૦ કલાકે) |
| ફાઈનાન્સીયલ બીડ ખોલવાની તારીખ | ૯/૩/૨૦૧૬ (૧૬.૦૦ કલાકે) |

મુખ્ય કારોબારી અધિકારી
ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત
ગાંધીનગર

માહીતી/૨૫૮૨/૨૦૧૫-૧૬